# ગાંધીનગર જિલ્લા પંચાયતનું બજેટ સર્વાનુમતે પસાર

## ૧૯.૫૮ કરોડની પુરાંત ધરાવતા બજેટમાં ૧૩ જેટલી નવી યોજનાઓ સમાવવામાં આવી છે : રામાજી ઠાકોર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ આજે ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કર્યુ છે. પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરની અધ્યક્ષતામાં મળેલ આજની ખાસ સામાન્ય સભામાં ૧૯૫૮.૯૬ લાખની પુરાંત દર્શાવવામાં આવી છે.

પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરે રૂ. ૧ કરોડથી પણ વધુ ખર્ચ ધરાવતી નવી બાબતો સાથે આ અંદાજપત્ર રજુ કર્યુ હતુ જેને કોંગ્રેસના સભ્યોએ પાટલીઓ થપથપાવી અને આવકારી હતી. નવી ૧૩ થી વધુ યોજનાઓ આ અંદાજપત્રમાં સમાવવામાં આવી છે. આ બજેટમાં જે નવી જોગવાઈઓ કરાઈ છે તેની જાણકારી સભ્યોને આપતા પ્રમુખ રામાજી ઠાકોરે જણાવ્યુ હતુ કે

પંચાયત ક્ષેત્રે - પ્રમુખ તથા જિ.વિ.અ. ગામડાની મુલાકાત દરમ્યાન વિકાસના કામો માટે તેઓ તરફથી સુચવેલ કામ માટે બન્ને માટે રૂ. ૨૦ લાખની જોગવાઈ.

પ્રમુખ તથા જિ.વિ.અ. ગામડાની મુલાકાત દરમ્યાન સુચવેલ સ્વચ્છતા કામ માટે બન્ને માટે રૂ. ૫ લાખની જોગવાઈ. આરોગ્ય ક્ષેત્રે - સબ સેન્ટર તથા પી.એચ.સી. રીપેરીંગ માટે રૂ. એક કરોડની જોગવાઈ.

ગ્રામ વિસ્તાર માટે ઉપયોગ સારૂ તાલુકા હેલ્થ કચેરી ફોગીંગ મશીન માટે રૂ. છ લાખ જોગવાઈ કરવામાં આવેલ છે.બાળ વિકાસ ક્ષેત્રે - આંગણવાડી રીપેરીંગ તથા શૌચાલય માટે રૂ. પચાસ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

મોડલ આંગણવાડી માટે રૂ. બાર લાખની જોગવાઈ. શ્રેષ્ઠ આંગણવાડી તેડાગર અને વર્કર માટે રૂ. પચાસ હજારની જોગવાઈ. આયુર્વેદ ક્ષેત્રે - દવાખાના મરામત અને મકાન નિભાવ માટે રૂ. સાત લાખ પચાસ હજારની જોગવાઈ કરવામાં આવેલ છે.

ખેતીવાડી ક્ષેત્રે- સીડ ફાર્મ માટે તાર ફેન્શીંગ, કમ્પાઉન્ડ વોલ માટે રૂ. પાંત્રીસ લાખ ત્રીસ હજારની જોગવાઈ કરવામાં આવેલ છે.

પશુપાલન ક્ષેત્રે-વિધવા મહિલા પશુપાલક માટે પશુખાણ ખરીદ માટે રૂ. દસ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. તાલુકા દીઠ પશુપાલન શિબિર માટે રૂ. છ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

આંકડા ક્ષેત્રે - બાયોમેટ્રીક એટેન્ડસ સીસ્ટમ ખરીદી અને

● અનુસંધાન પાન-૭ પર




## અધિકારી સામે ઠરાવ કરોની વાત કરી કોંગ્રેસ પાણીમાં બેસી ગઈ !!

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં અધિકારીઓ સામે ઠરાવનું શસ્ત્ર ઉપાડનાર કોંગ્રેસના આગેવાનો ઠરાવ લખાવી શક્યા ન હતા.

આજે જિલ્લા પંચાયતની રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારી દ્વારા વિકાસના કામો માટે ટેન્ડરીંગ પ્રથા અપનાવવા અંગે વિરોધ કરી અને ઠરાવ કરવા માટે કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ ઉભા થયા હતા. તેમણે કહ્યુ કે પ્રસ્તાવ બરાબર લખજો એક પણ શબ્દ રહી ના જવો જોઈએ. તેવા ઉચ્ચારણો પછી તેમણે ઠરાવ લખાવવાની પ્રક્રિયા આરંભી હતી પરંતુ ઠરાવ શું તે મુદ્દે મૌન સેવી પોતાના સ્થાને પાછા બેસી ગયા હતા. ઠરાવ શાના માટે, ઠરાવમાં શું કહેવા માંગે છે તે વિષયોનો અધ્યાહાર રાખવામાં આવતાં રાજકીય વર્તુળોમાં સોંપો પડી જવા પામ્યો છે. આ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ કહ્યુ હતુ કે ટેન્ડરીંગ કરી આળ વધવાની મેં જ અધિકારીને સૂચના આપી છે અને તે વાત વહીવટીય પ્રથાનો ભાગ છે. કોંગ્રેસ દ્વારા આજે અધિકારીઓને ઠરાવ કરીશુ તેવી વાતો કહી ટેન્શનમાં રાખવાનો પ્રયાસ જરૂર થયો હતો પરંતુ તેમાં તેમને ધારી સફળતા મળી ન હોવાનું ચિત્ર ઉપસ્યુ હોવાની વાતો રાજકીય વર્તુળોમાં થઈ રહી છે.

રાજકીય વર્તુળોમાં કોંગ્રેસની આંતરિક લડાઈમાં જ તેઓ એટલા બધા દબાણ હેઠળ હતા કે તેઓ બે કામો પર ચર્ચાઓ કર્યા વિના જ મંજૂરીઓ આપી દીધી હતી.

## જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા અંગે ભાજપે વિરોધ નોંધાવ્યો

### રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસના કામો સૂચવવા ૩ સભ્યોની સમિતિ રચાઈ : મનરેગાનું લેબર બજેટ સર્વાનુમતે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે ખાસ સામાન્ય સભા અંગે ભાજપના અમરસિંહે વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે પુરતો સમય હોવા છતાંય ખાસ સામાન્ય સભા યોજી સભ્યો તરીકે અમારા પ્રશ્નો રજુ કરવાનો હક્ક છીનવી લેવાયો છે.

તેમણે જણાવ્યુ હતુ કે ચાર માસ સુધી સભા ના બોલાવી અને બજેટ અંગે સીધી ખાસ સામાન્ય સભા યોજવાનુ કારણ સમજાતુ નથી.

કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ અમરસિંહના વાંધા મુદ્દા પર બોલતાં જણાવ્યુ હતુ કે બેઠક ક્યારે બોલાવવી તે પ્રમુખનો અધિકાર છે નિયમની મર્યાદામાં રહીને જ બેઠક યોજવામાં આવી રહી છે. ખાસ બેઠક બજેટ જેવી મહત્વની બાબતને લઈ યોજવામાં આવી હોવાનું જણાવી તેમણે સામાન્ય સભાનું કામકાજ હાથ ધરવા અનુરોધ કર્યો હતો.

આજની બેઠકમાં સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરની ગેરહાજરી અંગે નોંધ લેવામાં આવી હતી તેમજ તેમને સામાન્ય સભા માટેનો એજન્ડા પણ મોકલવા અંગે સૂચનાઓ આપવામાં આવી હતી.

આજની બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા રજુ થયેલ લેબર બજેટને પણ ચર્ચાને અંતે બહાલી

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયતોનું બજેટ આંકડાની માયાજાળ છે : ભાજપ

### મહિલા-બાળ વિકાસ અને વિજ્ઞાન મેળા માટે ઓછી ફાળવણી દુઃખદ છે : અમરસિંહ, સર્વાંગી વિકાસ સાથે પુરાંતલક્ષી બજેટ રજુ કરી પ્રમુખે નવો રાહ ચીંધ્યો છે : અરવિંદસિંહ, મારૂ બજેટ ગરીબોને વિકાસની વિચારધારા સાથે જોડાનારૂ છે : રામાજી ઠાકોર

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતનું બજેટ એ માત્ર આંકડાઓની માયાજાળ છે અને તેમાં વિકાસની વાસ્તવિક વાતો કરવામાં નહિ આવી હોવાનું ભાજપના જયેશ ચૌધરીએ જણાવ્યુ હતુ.

જિલ્લા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભામાં ૨૦૧૭-૧૮ના બજેટને રજુ કરાયા બાદ બજેટ પર બોલતા જયેશ ચૌધરીએ જણાવ્યુ હતુ કે આવકના અંદાજો કરતાં ખર્ચ વધુ બતાવાયો છે.

કોંગીના જયસિંહ ચારેલે ચર્ચામાં ભાગ લેતા જણાવ્યુ હતુ કે તમે બજેટ વાંચ્યુ નથી અને આવકના અંદાજો અને તેના આયોજનો જ બજેટમાં હોય. બીજી આવક વધવાની છે અને એટલે જ પુરાંત પણ ૧૯ કરોડ જેટલી દર્શાવી છે. વિપક્ષે અભ્યાસ કર્યા વિના આક્ષેપો કરવાથી દૂર રહેવુ જોઈએ તેમ પણ તેમણે કહ્યુ હતુ. ભાજપના અમરસિંહે ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યુ હતુ કે બજેટમાં કેટલીક જોગવાઈઓ બેવડાતી હોય એ સ્પષ્ટ બની રહ્યુ છે. આપણે પેયજળ માટે ગ્રાન્ટ ફાળવીએ છીએ અને સરકાર પણ ફાળવે છે તે જ તેનુ ઉદાહરણ છે.

તેમણે બજેટમાં વિજ્ઞાનમેળાના આયોજન માટે જોગવાઈ નહિ કરી બાળકોના અધિકારને છીનવવાનો પ્રયાસ કર્યો હોવાનો તથા મહિલા વિકાસ માટે પણ પુરતા નાણાં નહિ ફાળવવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. કારાબોરી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીએ બચાવનામુ રજુ કરતાં જણાવ્યુ હતુ કે પંચાયત પ્રમુખે રજુ કરેલુ બજેટ વિકાસલક્ષી છે. તેમણે કહ્યું કે ઘણી બધી વિકાસની નવી વાતોને સમાવવામાં આવી છે. જિલ્લામાં પહેલીવાર વિકાસને સંતુલિત કરતી

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં કિન્નરોની ઐતિહાસિક કળશયાત્રા

### સેક્ટર-૧૫ ફતેપુરા ખાતે સાત દિવસથી આરંભાયેલ ઐતિહાસિક મહાઅધિવેશનના મધ્યમાં નિકળેલી કળશયાત્રાએ ભારે આકર્ષણ જમાવ્યું : બેન્ડવાજા અને ઢોલ નગારા સાથે નિકળેલી કળશયાત્રામાં નૃત્યોની રમઝટ ચાલી હતી : પંચદેવ મંદિર ખાતે ભાવપૂર્વક પૂજન-અર્ચન કરી કળશ અર્પણ કરાયા હતા : માતાજીને ચાંદીના છત્ર અર્પણ કરાયા હતા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં છેલ્લા સાત દિવસથી કિન્નરોનું મહાઅધિવેશ ચાલી રહ્યું છે. શહેરના ઈતિહાસમાં પ્રથમવાર આ પ્રકારનું સંમેલન યોજાયું છે. ત્યારે આજરોજ કિન્નરોની ભવ્યાતિભવ્ય બેન્ડબાજા અને બગી સાથે શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રા સવારે ૧૦ કલાકે સેકટર-૧૫ ફતેપુરાથી નીકળીને શહેરના વિવિધ માર્ગો પર ફરીને નાચગાન કરતા કરતા સેકટર-૨૨ પંચદેવ મંદિરે પહોંચી હતી. જયારે નગરના માર્ગો પર પણ આ શોભાયાત્રાને નિહાળવા માટે નગરજનોની ભારે ભીડ જામી હતી. પંચદેવ મંદિરે શોભાયાત્રા પહોંચ્યા બાદ કળશ પુજા કરવામાં આવી હતી. ત્યારબાદ પુજા-અર્ચના કર્યા બાદ માતાજીને ચાંદીના છત્તર ચડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમગ્ર ભારતભરમાંથી આવેલ માસીબાઓ દ્વારા માતાજીનો જયઘોષ કરતા મંદિર પરિસર ગાંજી ઉઠ્યું હતું. જયારે આ શોભાયાત્રાએ શહેરમાં અનેરુ આકર્ષણ જમાવ્યું હતું.

ગાંધીનગર શહેરના સેકટર-૧૫ માં કિન્નર સમાજનું અધિવેશન ભરાયું છે. તા.૧૫ માર્ચથી તા.૨૯ માર્ચ દરમિયાન ચાલુ રહેનાર આ અધિવેશનમાં ભારતભરમાંથી માસીબા ગાંધીનગરને આંગણે આવ્યા છે અને હજુ પણ આવવાના છે. અત્યારે હાલ બે હજારથી વધુ કિન્નરો સંમેલનમાં હાજર છે. રોજ મૃત માસીબાની યાદમાં ભંડારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે ગાંધીનગના માસીબાઓ તરફથી પંચદેવ મંદિર કળશ પુજા અને છત્તર ચડાવાનું હોવાથી સવારે સેકટર-૧૫ ખાતે સવારે ૧૦ કલાકે ભવ્ય શોભાયાત્રાએ પ્રસ્થાન કર્યું હતું. આ શોભાયાત્રામાં ભારતભરમાંથી ગાંધીનગરના મહેમાન બનેલા કિન્નરો અને સેકટર-૧૫ ફતેપુરાના નાગરીકો પણ જોડાયા હતા.બેન્ડબાજા, બગી અને નાશિક ઢોલના સથવારે ભકિતમાં લીન થઈને નાચ-ગાન કરતા માસીબાઓએ અનેરુ આકર્ષણ જમાવ્યું હતું. આ શોભાયાત્રા નિહાળવા માટે નગરજનોએ પણ ભારે ભીડ જમાવી હતી. સેકટર-૧૫ થી શોભાયાત્રા ગ-૫,ગ-૬, ઘ-૬ થઈને સેકટર-૨૨ પંચદેવ મંદિરે ખાતે પહોંચી હતી. પંચદેવ મંદિરે વાજતે ગાજતે ધાર્મિક વિધી મુજબ કળશપુજા કરવામાં આવી હતી ત્યારબાદ ભગવાન અને માતાજીની આરાધના કર્યા બાદ ગાંધીનગર કિન્નર સમાજ તરફથી ત્રણ ચાંદીના છત્તર ચડાવાયા હતા. જયારે પંચદેવ મંદિરના પુજારીજીને યથાશકિત ભેટ આપી હતી. જયારે શહેરના મહિલા મંડળ દ્વારા મંદિર પરિસરમાં આનંદનો ગરબો કરવામાં આવતા અનોખો માહોલ જોવા મળ્યો હતો. જયારે બહુચર મા ની જય બોલાવતા ધાર્મિક વાતાવરણ જામ્યું હતું. જયારે ગુલાબની પાંખડીઓના વરસાદ વરસાવતા સમગ્ર મંદિરમાં ગુલાબની સુવાસ પ્રસરી જવા પામી હતી. સમગ્ર શોભાયાત્રાના રુટમાં બગીમાં પ્રેમામાસી બિરાજમાન હતા અને શહેરના ભાઈ-બહેનોને આશિર્વાદ પાઠવતા નજરે પડતા હતા. ત્યારબાદ શોભાયાત્રા સેકટર-૨૧ થઈને ચ-૫, ઘ-૫, ગ-૫ થઈને સેકટર-૧૫ ફતેપુરા પરત ફરી હતી. જયારે સેકટર-૧૫ ખાતે માતાજીના ખરા ભકતો ઉમટતા અનેરો માહોલ જામ્યો છે.









## સેક્ટર-૨૧ના વેપારીઓ દ્વારા પ્રેમામાસીની સાકર તુલા યોજાઈ



ગાંધીનગર સેકટર-૧૫ સ્થિત ચાલી રહેલા કિન્નરોના મહાસંમેલનમાં આજે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જે પંચદેવ મંદિરે પહોંચી ને કળશપુજા તેમજ ચાંદીના છત્તર ચડાવાયા હતા. ત્યારબાદ શોભાયાત્રા સેકટર-૨૧ ખાતે પહોંચી હતી. જયાં સેકટર-૨૧ શાકમાર્કેટ અને ગલ્લા બજારના વેપારીઓ દ્વારા પ્રેમામાસીની સાકર તુલા યોજાઈ હતી. તેમજ વેપારીઓએ તમામ માસીબાઓ અને નાગરીકો માટે ચા-પાણી અને નાસ્તાની વ્યવસ્થા કરીને ઉમદા સેવાકાર્ય કર્યું હતું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com